જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૯/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૩૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૬૦ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન, ૦૧ રિક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૧૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૩૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૩૩/૨૦૨૬**

ઓઢવઃ કેતનભાઇ ચંદુલાલા પંચાલ (ઉ.વ.૬૦) (રહે. રાજરત્ન સોસાયટી ગૌરી સિનેમા પાસે નેશનલ હાઇ–વે રોડ ઓઢવ) એ તા.૦૩/૦૯/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૬ થી તા.૩૦/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૦૦૨૬૮૦૬૭૨ તથા ૮૧૩૦૪૧૮૩૩૩ ના ધારકોએ ફોન કરી અદાણી ગેસ કંપનીમાંથી વાત કરતા હોવાની ખોટી ઓળખ આપી ગેસનુ કનેકશન ચાલુ કરવાના બહાને જરૂરી વિગત મેળવી લઈ કેતનભાઇ પંચાલના પત્નીના અલગ–અલગ બેંકના ખાતામાંથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૩,૯૬,૧૦૧/– ઉપાડી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એન.ઝિંઝુવાડીયા ચલાવે છે.

ક્રાઇમ બ્રાન્ચઃ જગદીશ બાબુલાલજી બિષ્નોઇ (ઉ.વ.૩૬) (રહે. ગામ–જાખલ તા–સાંચોર જી–ઝાલોર રાજસ્થાન) એ તા.૦૩/૦૯/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૭/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન (૧) સચીન કનૈયાલાલ જોષી (રહે. શાકુંતલ એપાર્ટમેન્ટ ગીરીવર બંગલોઝ પાસે રામવાડી ટેકરા ઇસનપુર) (૨) અક્ષય અશોકભાઈ જોષી (રહે. પ્લોટ નં.૨૮૩/૧, સંગીત સર્કલ પાસે, સેકટર–૦૩/બી, ગાંધીનગર) અને (૩) મેહુલ હર્ષદભાઈ પારેખ (રહે. સુંદરનગર નારણપુરા ચાર રસ્તા) નાઓએ ભેગા મળી યુ.એસ.ડી.ટી.ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાથી નફો થવાની લાલચ આપી જગદીશ બિષ્નોઇ પાસેથી આંગડીયા પેઢી મારફતે રૂપિયા ૪૭,૭૮,૦૦૦/– મેળવી લઈ યુ.એસ.ડી.ટી. ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ નહી કરી તેમજ રૂપિયા પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઇ.શ્રી એમ.વી.ચાવડા ચલાવે છે.

નવરંગપુરાઃ લો ગાર્ડન સમર્થેશ્વર મહાદેવ મંદીર સામે ત્રીશુલ કોમ્પલેક્ષ એક્સીસ બેંક ખાતે નોકરી કરતા ઓપરેશન મેનેજરે તા.૦૩/૦૯/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૭/૨૦૨૬ થી તા.૧૦/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ડાયનામીક ફેશન ગાર્મેન્ટના કર્તાહર્તા એ એક્સીસ બેંકના ખાતેદારનુ એક્સીસ બેંકના ખાતેદારની જાણ બહાર ઈસીએસ માટેનુ મેન્ડેટ એચડીએફસી બેંકમાં રજુ કરી તે મેંડેટ હેડ ઓફીસમાંથી ક્લીયર કરાવી તેઓએ એક્સીસ બેંકના ખાતેદારના બેંક ખાતામાંથી રૂપિયા ૫૬,૦૦,૦૦૦/– ઓટો ડેબીટ મારફતે મેળવી લઈ એક્સીસ બેંક તથા એક્સીસ બેંકના ખાતેદાર સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૩૪/૨૦૨૬**

કાલુપુરઃ સાહીનબાનું વા/ઓ યુનુસભાઇ ઘાંચી (ઉ.વ.૫૮) (રહે. જબુદ્ધીનની પોળ ચંપલ બજાર કડીયાકુઇ કાલુપુર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.શ્રીમાળી ચલાવે છે.

ખાડીયાઃ કવિતા વા/ઓ નરેન્દ્ર પ્રજાપતિ (ઉ.વ.૨૫)(રહે. વચલી શેરી કાચવાડો રાયપુર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૯/૨૦૨૬ રાતના ૦૮/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી